## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




પિતાજી, તમે ભલે પરલોકવાસી થઈ ગયા પણ હતા તો પરપ્રાંતિય... એટલે વાસ આરોગી જલ્દી જલ્દી પરલોક સિધાવી જજો...

# સે-૧૩માં જ અને ચ-૧ કક્ષાના ૧૫ બ્લોક તોડી નંખાશે

શહેરમાં રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા સરકારી આવાસોની સંખ્યા દિનપ્રદિન ઘટતી જાય છે. જયારે નવા આવાસો બાંધવાના મામલે સાઈટ નક્કી કરવામાં પણ વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાતો નથી. ત્યારે ભયજનક આવાસોની વધતી સંખ્યા વચ્ચે હજુ આવાસોનો નિકાલ કરવાની પ્રક્રીયા યથાવત છે. સે-૧૩ માં જ અને ચ-૧ કક્ષાના ૧૫ બ્લોક તોડી નાંખવામાં આવશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સેકટરોમાં તબક્કાવાર ભયજનક મકાનોનો પણ કડુસલો બોલાવામાં આવી રહ્યો છે. સેકટરોમાં ભયજનક અને રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોય તેવા મકાનો તબક્કાવાર તોડવા માટે મંજરી લેવામાં આવી રહી છે. વિભાગ કક્ષાએથી પણ મંજુરી અપાય તેમ સેકટરોમાં જુદી જુદી કક્ષાના આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવે છે. સે-૭ સે -૧૩ અને સે-૧૬ માં પણ આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયારે સેકટરોમાં આવાસોના મામલે તંત્ર દ્વારા સર્વે પણ હાથ ધરાયો છે. ત્યારે સેકટરોમાં વિવિધ કક્ષાના આવસો તોડવા માટે હજુ નવી યાદી તૈયાર થઈ રહી છે. જયારે તંત્ર દ્વારા કરવામાં આવેલી દરખાસ્તો પણ હજુ વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સે-૭ માં નિકાલ કરવાના મકાનો સંદર્ભે વિભાગને યાદી મોકલી દેવામાં આવી છે. પરંતુ હજુ સુધી મંજુર મળી નથી. જયારે સે-૧૩ માં જ અને ચ-૧ કક્ષાના આવાસો તોડવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. વિવિધ કેટેગરીના ૧૫ જેટલા બ્લોક તોડી નાંખવામાં આવશે . નવા આવાસો બાંધવા માટેની સાઈટ નિયત થતી નથી. ત્યારે બીજીતરફ દાયકાઓ જુના અને જોખમી સરકારી આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવા માટે પણ અયોજન કરવામાં આવી રહ્યુ છે.



## ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની અન્ડર-૧૪, અન્ડર-૧૭ તથા ઓપન વિભાગની બહેનોની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જિલ્લા રમત-ગમત અધિકારી દત્તા, મંત્રી જશુભાઈ ચૌધરી, મગોડીના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ, લવારપુરના સુરેશભાઈ ચૌધરી સહિત અન્ય શાળાના આચાર્યોએ જિલ્લા-તાલુકાના વ્યાયામ શિક્ષકો, નિર્ણાયકોની ઉપસ્થિતિમાં સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્પર્ધામાં ૨૪ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચિલોડા શાલાની કબડ્ડી ટીમનો અન્ડર-૧૪, અન્ડર-૧૭ તથા ઓપન વિભાગમાં બહેનોની ટીમ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

# વલાદની રાત્રિ સભામાં ગ્રામજનો દ્વારા પ્રશ્નોની ઝડી વરસાવી

## જિલ્લા કલેક્ટરે સહાનુભૂતિપૂર્વક વિચારણા સાથે પ્રશ્નોના ઉકેલની ખાતરી આપી

ગાંધીનગર, તા. ૭

ગોળવંટા ગામમાં બાળકોની પ્રા. શાળા પરથી થઈ જતી હાઈપાવર લાઈન અંગે વલાદની રાત્રિ સભામાં વાલીઓએ ચિંતાની





લાગણી વ્યક્ત કરી હતી.

આ વિસ્તારમાં નિર્માણધીન ઔદ્યોગિક ગૃહને લઈ પણ વાલીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લા કલેકટર લાંગાએ આ બાબતે જરૂરી કાર્યવાહી ઝડપથી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી.

રાજ્ય સરકારના આદેશ પછી રાત્રિસભા વલાદ ખાતે યોજવામાં આવી હતી. હવે દર શુક્રવારે આવી રાત્રિ સભાઓ યોજવામાં આવશે. જેમાં ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો તંત્રના તમામ અધિકારીઓની હાજરીમાં ચર્ચા કરી ઉકેલ માટે આગળ વધવામાં આવશે.

વલાદની આ રાત્રિ સભામાં ગામની કનેકટીવીટી વાહન-વ્યવહાર માટેની નહિવત્ હોવાનો રોષ ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત વલાદના કરાઈ નજીક આવેલ ગાયકવાડ વખતનુ તળાવને ભૂગર્ભ જળ માટે બનાવવામાં આવ્યુ હતુ તેમાં ગટરના પાણી ના આવે તે માટે પણ ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

વલાદમાં પેટા આરોગ્ય કેન્દ્ર નહિ પણ પ્રા.આ. કેન્દ્ર હોવુ જોઈએ કારણ કે અહિથી ડભોડાનું અંતર પણ વધારે છે એટલુ જ નહિ વાહન-વ્યવહારની સુવિધા નહિવત્ છે. ગામમાં ત્રણ વર્ષથી એક પણ માતા મરણ થયુ નથી તેને ધ્યાને લઈ આ બાબતે સહાનુભૂતિથી વિચારણા કરવી જોઈએ તેવી રજુઆત ગ્રામજનોએ કરી હતી.

રેલવે લાઈનના આધુનિકરણની સાથે ગ્રામ વિસ્તારના અવરજવરના રસ્તાઓ પર જે અંતરાયો થયા છે તેમાં વૈકલ્પિક વ્યવસ્થાની માંગ પણ ગ્રામજનોએ કરી હતી.

રાત્રિસભા ત્રણ કલાક સુધી ચાલી હતી. જિલ્લા કલેકટરશ્રીએ રજુઆતો અંગે સહાનુભૂતિપૂર્વક જરૂરી તમામ પગલાંઓ તંત્ર દ્વારા લેવાશે તેવી હૈયાધારણ આપી હતી.

## માણસામાં એબીવીપીના કાર્યકરો જરૂરીયાતમંદ બાળકોને શિક્ષણ આપે છે

ગાંધીનગર, તા. ૭

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, માણસા દ્વારા એબીવીપીના પ્રકલ્પ 'સ્ટુડન્ટ ફોર સેવા-એસએફએસ' દ્વારા એક કલાક રાષ્ટ્રને સમર્પિતના વિચાર સાથે માણસાના કપૂરી ચોક વિસ્તારમાં જરૂરિયાતમંદ બાળકોને એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા ભણાવવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. તેમજ બાળકોમાં રહેલી પ્રતિભાને વિકસાવવા માટે જરૂરી પ્રશિક્ષણ પુરૂ પાડવામાં આવી રહ્યું છે. સાથોસાથ બાળકોને સમાજસેવા અને રાષ્ટ્રસેવા પ્રત્યે જાગૃતી કેળવવાનું કાર્ય કરવામાં આવે છે.

## મગોડી ખાતે પી.આર. ઠક્કર વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ

ખેલમહાકુંભ-૨૦૧૮ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની રસ્સાખેંચ સ્પર્ધા બાલવા મુકામે યોજાઈ હતી. જેમાં પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડીના અન્ડર-૧૭ના વિદ્યાર્થીઓ જિલ્લામાં પ્રથમ વિજેતા બન્યા હતા. આજ શાળાની બહેનો અંન્ડર-૧૭માં રસ્સાખેંચમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિએ શાળાના વ્યાયામ શિક્ષક જશુભાઈ ચૈધરીને પણ અભિનંદન પાઠવ્યા હતા.

# મતદારયાદી સુધારણા અંતર્ગત સઘન ઝુંબેશના ત્રીજા તબક્કામાં પાંચ હજાર અરજી મળી

ગાંધીનગર, તા. ૭

મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત સઘન સુધારણા ઝુંબેશના ત્રીજા અને આખરી તબક્કામાં પાંચ હજાર જેટલી અરજીઓ ફોર્મ-૬, ૭ અને ૮ની મળી છે.

આજે જિલ્લામાં ૧૨૫૦ બુથો પર આ અરજીઓ સ્વીકારવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે ત્રીજા તબક્કાના આ અભિયાને ગાંધીનગર (દ) વિસ્તારમાં વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. અહિ સ્થળાંતરિત થઈ આવેલા મતદારો અને નવા મતદારોની નોંધણી માટે સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

ગાંધીનગર (ઉ) અને કલોલમાં પણ મધ્યમ પ્રતિસાદ જોવા મળ્યો હતો. જોકે માણસા અને દહેગામમાં ઠીક ઠીક પ્રતિસાદ સાંપડ્યો હોવાનું જાણવા મળેલ છે.

ચૂંટણી પંચ દ્વારા ૧-૧-૧૯ની સ્થિતિએ મતદારયાદી તૈયાર કરવામાં આવી રહી છે. મતદારયાદી સુધારણા ઝુંબેશ ૧૫ ઓક્ટો. સુધી ચાલવાની છે.

૪થી જાન્યુઆરી-૨૦૧૯ના રોજ મતદારયાદીનો પ્રાથમિક મુસદો પ્રસિદ્ધ થશે.

ચૂંટણી પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મતદારયાદીમાં નોંધણી માટે વિકસાવવામાં આવેલી ઓનલાઈન પ્રથાને પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લામાં આ ઝુંબેશ દરમ્યાન ૫૦૦થી વધુ મતદારોએ આ નવી વ્યવસ્થાનો લાભ લીધો હોવાનું જાણવા મળેલ છે.

# હવામાનની પ્રતિકૂળતાઓ વચ્ચે રવિ સીઝનની વાવણી મોડી થશે

ગાંધીનગર, તા. ૭

આ વર્ષે વરસાદની અનિયમિતતાને પગલે રવિ સીઝનની વાવણી મોડી શરૂ થશે તેવા સંકેતો ખેડૂતોમાંથી મળી રહ્યા છે.

સામાન્યતઃ ૧૫મી ઓક્ટો.થી રવિ સીઝનની વાવણીનો આરંભ થતો હોય છે. આ વર્ષે વરસાદની અનિયમિતતાને પગલે બે તબક્કે વાવણી ખરીફ સિઝનની જિલ્લામાં થઈ છે અને રવિ સીઝન માટે હજુ ખેડૂતોએ તેમનુ મન પણ બનાવ્યુ નથી.

જિલ્લામાં પિયતની સુવિધા પણ ઓછી છે અને રવિસીઝનમાં આમેય ૭૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થતુ હોય છે. પરંતુ આ વર્ષે જિલ્લામાં ૫૦ ટકાથી પણ વધુ ઘટ વરસાદની છે અને રવિ સીઝનમાં કોઈ સાહસ કરવાના મૂડમાં ખેડૂત નથી.

કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કપાસના ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના છે. ઉપરાંત હાલ જે ગરમી પડી રહી છે તેની અસરો ઘાસચારાના ઉત્પાદન પર પણ વિપરીત થવાની રહેલી છે. આ વર્ષે હવામાનમાં સતત બદલાવ અને ખરીફના પાકોને બચાવવા માટે પણ જે રીતે ભૂગર્ભ જળનો ઉપયોગ કરવો પડ્યો છે તેને કારણે સિમીત સિંચાઈના સાધનોની ક્ષમતામાં પણ ઘટાડો થશે જેથી ખેડૂત રવિસીઝનની વાવણી માટે એટલો ઉત્સાહી નથી.

જિલ્લામાં રવિસીઝનની વાવણી માટે જે વાતાવરણ હોવુ જોઈએ તે પણ હાલ જોવા મળતુ નથી એથી ખેડૂત આ વેળાએ વાવણીને લઈ ઓછો ઉત્સાહી હોવાનુ કૃષિક્ષેત્રના સૂત્રો કહી રહ્યા છે.

# ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગામોના આગેવાનો સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૭

હિંમતનગરના ઢુંઢર ગામે બાળકી પર દુષ્કર્મ ઘટના બાદ અમુક સ્થળોએ પરપ્રાંતિયો સામે વિરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે. હુમલાઓની ઘટનાઓ સામે આવતાં ચિલોડા-ડભોડા વિસ્તારમાં આવી ઘટનાઓ પરિવર્તિત ન થાય અને બનતા બનાવો અટકે તે માટે આ વિસ્તારના ઠાકોર આગેવાનો તેમજ ગામોના સરપંચો, અગ્રણીઓ સાથે પોલીસ દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડીવાયએસપી એમ.જે. સોલંકી હાજર રહી આગેવાનોને જણાવ્યું કે દુષ્કર્મની ઘટના બાદ પોલીસ દ્વારા યોગ્ય રીતે કાર્યવાહી હાથ ધરાઈ છે અને આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. ત્યારબાદ પરપ્રાંતિયો પર થતા હુમલાઓ હેરાન પરેશાન કેટલે અંશે યોગ્ય છે. તેના પ્રત્યુત્તરરૂપે આગેવાનોએ જણાવ્યુ હતુ કે આવી પ્રવૃત્તિ થાય છે તે યોગ્ય નથી તેવુ જણાવ્યું હતું.

# લોકો પેટ્રોલના ભાવ જુએ છે, પણ આવશ્યક ચીજવસ્તુના ભાવ તો જુઓ ક્યાં પહોંચ્યા છે!

## ભારતના ૧૦ રિચેસ્ટ સ્ટેટ્સમાં મહારાષ્ટ્ર હજી નંબરવન છે, ગુજરાતનો નંબર ત્રીજો આવ્યો છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભારતમાં મોંઘવારી કેમ વધતી જાય છે તેની પાછળ અનેક પરિબળો કામ કરે છે. પહેલું પરિબળ જીએસટી અને વધતા જતા ટેક્સીસ છે. બીજી સૌથી વધુ અસરકર્તા બાબત છે માંગ સામેનો અલ્પ પુરવઠો. 'નિયમ છે કે જેની માંગ વધારે હોય અને પુરવઠો ઓછો હોય તેનો ભાવવધારો થાય છે.' આ નિયમ વર્ષોજૂનો છે પરંતુ હવે આ નિયમ બદલાયો છે, કારણ કે જીવન આવશ્યક ચીજવસ્તુના ભાવ વધારા માટે કેવળ ડીઝલનો ભાવવધારો એકમાત્ર મુખ્ય પરિબળ છે. પાંચ વર્ષ પહેલાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વચ્ચે ૧૨ રૂપિયા કરતાં વધુની રકમનો ગેપ હતો પરંતુ આજે માત્ર દોઢ થી બે રૂપિયા છે. પેટ્રોલ કરતાં ડીઝલ વધારે મોંઘુ થતું જાય છે, કારણ કે તેમાં એક્સાઈઝ, વેટ અને સેસની ટકાવારી વધારે છે. ગુજરાતમાં ૫,૦૦૦ જેટલા પેટ્રોલપંપ આવેલા છે. એક પેટ્રોલપંપ પર રોજનું ૩૦૦૦ લીટર પેટ્રોલ અને ડીઝલ ભરાય છે, એ હિસાબે જોઈએ તો તમામ પેટ્રોલપંપ ઉપર રોજનું ૧.૫૦ કરોડ પેટ્રોલ અને ૩.૦૦ કરોડ ડીઝલ વપરાય છે. ડીઝલના ભાવવધારાની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન પર પડે છે. મુસાફરી મોંઘી બને છે. ટ્રાન્સપોર્ટેશનના વાહનોના ભાડા વધે છે તેથી ચીજવસ્તુઓ મોંઘી થઈ છે. આજે લોકો પેટ્રોલ પુરાવે છે ત્યારે પહેલાં તેમની નજર આજના ભાવ પર પડે છે પરંતુ ઘરમાં વપરાતી ચીજો ઉપર પ્રિન્ટ થયેલી કિંમત જોવાનો કોઇને સમય નથી. ગયા મહિને લાવેલી ટૂથપેસ્ટના ભાવ ૭૦ રૂપિયા હતા તે એક જ મહિનામાં વધીને ૮૦ રૂપિયા થયા છે. આવી અનેક કિંમતો છે જેના ભાવમાં પ્રતિ માસ વધારો થતો રહે છે. કિંમત પર નજર નાંખો તો સાચી હકીકતનું ભાન થશે. આ ભાવને કન્ટ્રોલ કરવામાં કેન્દ્ર કે રાજ્ય સરકાર નિષ્ફળ રહી છે તે ઉડીને આંખે વળગે તેવું છે...

### પાર્ટીઓની મનની મનમાં જ રહી-- અને ચૂંટણી પંચે ઇવીએમ-વીવીપેટનો અમલ શરૂ કરી દીધો

**પાંચ રાજ્યો મોદી-રાહુલનું ભાવિ નક્કી કરશે...**

ભારતના પાંચ રાજ્યોમાં નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનું ભાવિ નક્કી કરશે. આ પાંચ રાજ્યો--રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમની ચૂંટણીનું ૧૧મી ડિસેમ્બરે જ્યારે પરિણામ આવશે ત્યારે ભારતમાં લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ હશે. આ ચૂંટણી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું ભાવિ પણ નક્કી કરશે, કારણ કે તેઓ લોકસભાની ચૂંટણી પછી જો ભાજપને બહુમત મળશે તો મોદી સરકારમાં સામેલ થાય તેવી સંભાવના છે. મધ્યપ્રદેશની ૨૩૦, રાજસ્થાનની ૨૦૦ અને છત્તીસગઢની ૯૦ બેઠકો છે જેમાં ભાજપનું શાસન છે, જ્યારે તેલંગાણામાં ૧૧૯ અને મિઝોરમમાં ૪૦ બેઠકો છે અને આ બન્ને રાજ્યોમાં બિન ભાજપનું શાસન છે. આ પાંચ રાજ્યોમાં આચારસંહિતા લાગુ કરવામાં આવી હોવાથી હવે દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો શક્ય નથી તેથી શાસક પક્ષોને ઇંધણના આ ભાવવધારાના વિરોધનો સામનો કરવાનો રહેશે. જો કે લોકસભાની ચૂંટણી ૨૦૧૯ના એપ્રિલ અને મે મહિનામાં આવી રહી હોવાથી લોકસભા પહેલાં કેન્દ્ર સરકાર ઇંધણના ભાવમાં પ્રજાને રાહત આપી શકે તેમ છે.

**હસમુખ અઢિયાની નવી જોબ કેવી હશે...**

ગુજરાત કેડરના આઈએએસ અધિકારી હસમુખ અઢિયા નવેમ્બર મહિનામાં નિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે તેમને કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ બનાવાય તેવી સંભાવના છે, જો કે આ પદ માટે બીજા સિનિયર એવા ત્રણ અધિકારીઓની દાવેદારી છે. અઢિયાના રિપ્લેસમેન્ટમાં કેન્દ્રની મોદી સરકારે ગુજરાત કેડરના બીજા એક અધિકારી પી.ડી.વાઘેલાને નિયુક્ત કરવાની તૈયારી પૂર્ણ કરી દીધી છે. અલબત્ત, દેશમાં જ્યારે લોકસભાની ચૂંટણી ચાલતી હશે ત્યારે ગુજરાતના ચીફ સેક્રેટરી ડો. જે.એન.સિંઘ વય નિવૃત્ત થવાના છે. તેમના પછી સિનિયોરિટીમાં ૧૯૮૪ બેચના અધિકારી અને હાલના રાજ્યના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલનો ક્રમ આવે છે પરંતુ કેન્દ્ર સરકાર ચૂંટણીને ધ્યાને લઈ જે.એન.સિંઘને ત્રણ કે છ મહિનાનું એક્સટેન્શન આપી શકે છે જેથી અગ્રવાલનો ટેન્યોર થોડો ઓછો થાય તેમ છે. જો કે અરવિંદ અગ્રવાલ એપ્રિલ ૨૦૨૦માં વય નિવૃત્ત થાય છે ત્યારે તેઓ ચીફ સેક્રેટરી તરીકેના પ્રબળ દાવેદાર બની શકે છે. આ પદ માટે સિનિયર આઈએએસ અનિલ મુકીમ દાવેદાર હતા પરંતુ તેઓ ડેપ્યુટેશન



પર દિલ્હી ગયા છે અને તેમની નિવૃત્તિ સુધી એટલે કે ઓગષ્ટ ૨૦૨૦ સુધી તેઓ દિલ્હીમાં ફરજ બજાવવાના છે તેથી તેઓનું સ્થાન અરવિંદ અગ્રવાલ લઈ શકે છે.

**લ્યો, હવે ફરી પાછા ભાવ વધવાના શરૂ થયા...**

પેટ્રોલિયમ પેદાશોમાં પાંચ રૂપિયાના વધારા પછી બીજા જ દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવા શરૂ થયા છે. એક સપ્તાહમાં વાહનચાલકો જ્યાં હતા ત્યાં આવી શકે છે, કારણ કે વૈશ્વિક બજારમાં ક્રુડના ભાવ અને ડોલરના ભાવ પર ભારત સરકારનો કાબૂ નથી. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી છતાં કેન્દ્ર સરકારે યુક્તિ વાપરીને માત્ર ૧.૫૦ રૂપિયાની એક્સાઈઝ ડ્યુટી ઘટાડી છે. એક રૂપિયો તો ઓઈલ કંપનીઓના માથે નાંખી દીધો છે જ્યારે ૨.૫૦ રૂપિયાનું રાજ્યની તિજોરી પર ભારણ વધાર્યું છે. ક્ષણિક ભાવઘટાડા સામે ફરીથી ભાવમાં વધારો થયો છે. આ ભાવ દિન-પ્રતિદિન વધતા જ જશે, પરંતુ અહીં કેન્દ્ર સરકાર બીજી યુક્તિ અજમાવશે તેમ લાગે છે. કર્ણાટકની વિધાનસભાની ચૂંટણી સમયે સરકારે ઓઈલ કંપનીઓને કહ્યું હતું કે રોજેરોજના ભાવ વધારશો નહીં, પરિણામે આ ભાવ ચૂંટણી સુધી સ્થગિત થઈ ગયા હતા. તેવું ફરી બની શકે છે. પાંચ રાજ્યોની ચૂંટણી યોજાય નહીં ત્યાં સુધી કેન્દ્ર સરકાર ઓઈલ કંપનીઓને કહીને ભાવવધારો રોકી શકે છે, પરંતુ જેવી ચૂંટણી પૂર્ણ થશે-- ફરીથી અસહ્ય ભાવવધારા માટે લોકોએ તૈયાર રહેવાનું છે તેવો આડકતરો સંદેશો મળ્યો છે.

**ગુજરાત દેશનું ત્રીજાનંબરનું રિચેસ્ટ સ્ટેટ છે...**

ભારતમાં સૌથી વધુ રિચેસ્ટ સ્ટેટમાં ૧૦મો ક્રમ કેરાલાનો આવે છે. આ રાજ્યની ઈકોનોમી ૭.૭૩ લાખ કરોડ છે. નવમા ક્રમે ૮.૨૬ લાખ કરોડ સાથે મધ્યપ્રદેશ, આઠમા ક્રમે ૮.૪૩ લાખ કરોડ સાથે તેલંગાણા, સાતમાક્રમે ૮.૭૦ લાખ કરોડ સાથે આંધ્રપ્રદેશ અને છઠ્ઠાક્રમે ૧૦.૪૯ લાખ કરોડ સાથે પશ્ચિમબંગાળ આવે છે. જીડીપીની દ્રષ્ટિએ દેશના ટોપ પાંચ રાજ્યો પૈકી ૧૪.૮ લાખ કરોડ સાથે કર્ણાટકા પાંચમાક્રમે છે. ૧૪.૮૯ લાખ કરોડ સાથે ઉત્તરપ્રદેશ ચોથાસ્થાને છે. જીડીપીમાં ગુજરાતનો નંબર ત્રીજો આવે છે. ગુજરાતની રિચેસ્ટ ૧૪.૯૬ લાખ કરોડ સુધી પહોંચી છે તેમ છતાં આપણે હજી બે સ્ટેટ પાછળ છીએ. તામિલનાડુ એવું સ્ટેટ છે કે તેનો હાલનો જીડીપી ૧૫.૯૬ લાખ કરોડ થાય છે. સમગ્ર દેશમાં મહારાષ્ટ્ર ટોચ પર છે. આ રાજ્યમાં જીડીપી ૨૭.૯૬ લાખ કરોડ થાય છે, એટલે કે ગુજરાતનું પાડોશી રાજ્ય રિચેસ્ટ સ્ટેટ ઓફ ઈન્ડિયા છે. ૨૦૧૮ના એક સર્વેક્ષણમાં આ બાબત સામે આવી છે. મહારાષ્ટ્રની ખાસીયત એ છે કે કોઈપણ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કર્યા વિના તેણે તેનો પહેલોક્રમ જાળવી રાખ્યો છે.

**પાર્ટીઓનો ઇન્કાર છતાં EVMથી મતદાન થશે...**

ભારતમાં અત્યાર સુધી બેલેટ પેપરથી મતદાન થતું હતું તેનું સ્થાન હવે ઈવીએમ એ લઈ લીધું છે. ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન--ઈવીએમ થી ચૂંટણીઓ થાય છે. ભારતના ચૂંટણી પંચે ૨૦૦૦ની સાલથી અત્યાર સુધીમાં ૧૧૩ જેટલી વિધાનસભાની ચૂંટણીઓ ઈવીએમ થી કરી છે. જ્યારે ત્રણ લોકસભાની ચૂંટણીઓ ઈવીએમના માધ્યમથી થઈ છે. હવે પહેલીવાર ઈવીએમ અને વીવીપેટના માધ્યમથી આ પાંચ રાજ્યોની ચૂંટણીઓ તેમજ લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી યોજાવાની છે. વીવીપેટ એટલે કે તમે કોને મત આપ્યો છે તે ઓનલાઈન સ્લીપમાં થોડી સેકન્ડ સુધી જોઈ શકાશે. ભારતમાં ચૂંટણી માટે બેલેટ પેપર મહત્વનો રોલ અદા કરતું હતું. એ સમયે કે જ્યારે બેલેટ પેપર વપરાતું હતું ત્યારે બેલેટ પેપર કે બોક્સની ઉઠાંતરી થતી હતી. બોગસ મતદાન થતાં હતા. મતદાનના આંકડા ત્રણ દિવસે અને પરિણામ પાંચ દિવસે આવતા હતા. ઈવીએમથી ઉઠાંતરી અટકી છે પરંતુ બોગસ મતદાનને આપણે અટકાવી શક્યા નથી. હા, મતદાનના આંકડા મેળવવામાં ને પરિણામ જાહેર થવામાં ઝડપ આવી છે. હવે એક જ દિવસમાં આપણને મતના આંકડા અને પરિણામ મળી જાય છે. ભાજપ સિવાયની પાર્ટીઓએ વિરોધ કર્યો હતો પરંતુ ભારતના ચૂંટણી પંચે ઈવીએમથી જ તમામ ચૂંટણીઓ કરવાનું નિયત કર્યું છે.

### પાંચમાંથી ત્રણ રાજ્યોમાં ભાજપ છે પરંતુ સત્તા ટકાવી રાખવા માટે મોટો સંઘર્ષ કરવો પડશે

**સ્વિટ્ઝર્લેન્ડમાં કેમ રહેવા જવું જોઇએ, જાણો...**

વિશ્વમાં સ્વિટ્ઝર્લેન્ડમાં રહેતો નાગરિક સૌથી વધુ સમૃદ્ધ છે. આ દેશની વ્યક્તિગત સરેરાશ વાર્ષિક એવરેજ ૫૮૮૬૪ ડોલર છે જેની સામે ભારતની પર કેપિટા ઈન્કમ ૧,૧૧,૭૮૨ લાખ રૂપિયા થવા જાય છે. ભારતની સરખામણીએ ગુજરાત વધારે સમૃદ્ધ એટલા માટે છે કે ગુજરાતની એવરેજ નેશનલ એવરેજ કરતાં વધુ છે. ગુજરાતમાં માથાદીઠ આવક વધીને ૨,૧૪,૨૮૫ રૂપિયા થઈ છે જે ૨૦૧૭માં ૧.૩૮ લાખ રૂપિયા હતી. બેકારી, મોંઘવારી અને ગરીબીનો સામનો કરી રહેવા રાજ્યમાં સરકારી આંકડા પ્રમાણે આપણે સમૃદ્ધ છીએ.